પ્રમદા પ્રાયશ્ચિત.

168

માણેકલાલ [illegible] વોરા.

પ્રમદા પ્રાણાર્પણ.

(કાવ્ય.)

પ્રયોજક અને પ્રકાશક,

માણેકલાલ મહાદેવ વોરા,

હળવદ (કાઠિઆવાડ).

("નલિનીકાન્ત"ના કર્તા.)

પ્રથમાવૃત્તિ] સને ૧૯૧૫. [પ્રત ૧૦૦૦.

અમદાવાદ:

ટંકશાળમાં—ધિ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ સામળદાસે છાપી.

કિંમત ચાર આના.

મન્દાક્રાન્તા

"એ આત્માના પ્રણય ઉર આદેશ જાણ્યા વિનાના,
"લગ્નો કીધા લગન નહિ એ સાખ શાસ્ત્રો પૂરે હા,
"કીર્તિ માટે હૃદય રસ માધુર્ય મોંઘું મળે ના,
"કિન્તુ લેવા અબુધ જન સસાર દોડી રહ્યા, હા.

"પ્રીતિ લગ્ને પ્રગતિ વિણ સંસાર જીવ્યું અકારૂં,
"નીતિ વિના જીવન ગતિ એ જીવતાં મૃત્યુ ધારૂં;
"પ્રીતિ વિના હૃદય ભિન્નતા ટાળી કો દી ટળે ના,
"જ્યા જૂદા છે વહન ઉર ત્યા હાસ્ય મીઠું મળે ના."

અર્પણ પત્રિકા.

(શાર્દૂલ)

(૧)

આ બ્રહ્માંડ ગૃહે વસેલ જીવને બન્ધુ ગણે ભાવથી,
ને આનન્દ-સુધા તણાં ઝરણમા સૌને ચહે સ્નેહથી;
ભ્રાતૃભાવ રસે બધું જગ રસુ, એ આશ સિદ્ધિ ચહે,
ને સંસાર ચહેલ સિદ્ધિ રળવા, સંતાપ આંચ્યો સહે

(૨)

વિદ્યા વ્હાલ ધર્યું શુચિ મન કર્યું, ને સત્ય ઉરે ગ્રહ્યું,
શાન્તિ પૂર્ણ વૃત્તિ કરી રસ સુધા, ઝીલી હસંતા ઘણું;
સેવા ધર્મ સજ્યો અહો ! મન મહીં, ને સ્વાર્થ સર્વે તજ્યો,
મારૂં સર્વ પરાર્થમાં નિત દઉં, એ મન્ત્ર ઉરે ધર્યો.

(૩)

શિક્ષા સેવ્ય રજ્યા તણુ સ્થળ જગે, સૌ બાલ માતા ખરે,
એ માતા રસ જ્ઞાનમા લીન બને, એ પન્થ પ્રીતિ ધરે;
માતા જ્ઞાન મળે દુ:ખો સહુ ટળે, એ દાઝ હૈડે ઠરે,
દાખી મોદ પ્રમોદ ગ્રંથ ધરૂં આ, સપ્રેમ તેને કરે.

આજ્ઞાંકિત સેવક,

માણેકલાલ મહાદેવ વોરા.

ગઝલ

"પુછો છો શુ? પુછો છો શું? હવે વ્હાલા! પુછો છો શું?
"અમી આંખે વહે આંસુ, જુવો છો ને લુછો છો શું?

"ગુલાબી ગાલની લાલી, અહા! પાતાળમા ચાલી,
"તમે જાણો બધુ વ્હાલા, અને કારણ પુછો છો શુ?

"કળી કાચી તરૂ ડાળે, ઝુલે છે? હા, પવન ઝુલે,
"તરૂને મૂળથી કાપી, કળી લાવિ પુછો છો શું?

"હતું જે વિશ્વમા મીઠું, મીઠી આખે ન તે દીઠું,
"મરી જાઉ, મીઠું લ્હાણું, મનાવીને પુછો છો શું?

"સુમનમાળા મહા મોંઘી, સદા સુપ્રેમીને સોંઘી,
"છુપાવી સર્પ માળામાં, ધરી કઠે પુછો છો શું?

"થયો તારો સદાનો હું, થઇ મારી સદાની તું"
"અરે! એ શબ્દને વ્હાલા! શુણાવ્યા? ના, પુછોછો શુ?"

હૃદય નિવેદન.

પ્રાણીજીવન કરતાં મનુષ્યજીવન ઉત્કૃષ્ટ છે. પરન્તુ મનુષ્યજીવનની ઉત્કૃષ્ટતા, સ્ત્રીપુરૂષો પોતાનો શાસ્ત્રાજ્ઞાનુસાર ધર્મ સમજી તદનુસાર કર્તવ્યપરાયણ થાય ત્યારેજ સિદ્ધ થાય એ નિઃસંશય છે. મનુષ્યજીવનનું રસ લ્હાણું સ્ત્રીપુરૂષ ઉભયે પરસ્પરના ધર્મપાલનથી લેવાનું હોય છે. સ્ત્રી, પુરૂષ પ્રત્યેનો અને પુરૂષ, સ્ત્રી પ્રત્યેનો શાસ્ત્રીય ખરો ધર્મ સમજે, અને સમજ્યા પછી તે પ્રમાણે જીવનભર વર્તે, તો આ સંસારમાં સુખી થવા ઉપરાંત અનેક જીવાત્માનુ કલ્યાણ સાધવામાં સાધનભૂત થાય, એવો જીવનમાર્ગ પોતાની પાછળ ખૂલ્લો મૂકવા જેટલો ભાગ્યશાળી થઈ શકે, પરન્તુ સ્ત્રીપુરૂષ પરસ્પરનો શાસ્ત્રીય ધર્મ જ્યાં સુધી ન સમજે ત્યાસુધી આ સંસાર-વાટિકા નંદનવન સમી રમણીય લાગવાને બદલે કલહ કંકાશ રૂપી કટકોથી વિભૂષિત એક મહાન્ ભયંકર અરણ્ય સમાન ભાસે એમાં કાઇ આશ્ચર્ય નથી.

સંસાર સુધારામાં આગળ પડતો ભાગ લેનારા સહૃદયી સ્ત્રીપુરૂષો, મોટા ભાગે સુશિક્ષિત વર્ગના સંસર્ગમાં આવતાં હોઇ, આ સંસારને દેવોની નિવાસભૂમિ જેટલો પવિત્ર માને છે; જ્યારે ગ્રામ્યજીવન ગાળનાર સ્ત્રીપુરૂષોને વિલોકી, આ

સંસારને કલહ કંકાશનું કેન્દ્રસ્થાન માનનાર વિદ્વાન્ વર્ગની સંખ્યા પણ કાંઇ નાનીસુની નથી બન્ને પક્ષને એક બીજાના જ્ઞાનની પૂર્ણ અપેક્ષા છે એ વાત તો સ્પષ્ટ જ છે.

આ સંસારભૂમિ સ્વર્ગ સમી સુન્દર છે કે અરણ્ય સમાન ભયંકર છે? તેનો નિર્ણય સ્ત્રીજીવનના સુખશાન્તિ ઉપરથી, દરેક દેશના તત્ત્વચિન્તકોએ નિઃસ્વાર્થ બુદ્ધિથી કર્યો છે. મહાત્મા મનુજીના શબ્દોમા કહીએ તો

यत्र नार्यस्तुपूज्यन्ते रमन्ते तत्र देवता

જે ભૂમિમાં સુન્દરીઓ સન્માન પામે છે તે દેવોની રમણભૂમિ છે અને જે ભૂમિમા સ્ત્રીઓને અપમાન મળે છે તે રાક્ષસોની રમખાણભૂમિ છે.

એક પક્ષે સ્ત્રીજીવનની ખરી કિંમત સમજે એવો નિઃસ્વાર્થી પુરૂષવર્ગ ઓછો છે; જ્યારે બીજા પક્ષે સ્ત્રીજીવનની ઉત્કૃષ્ટતા સ્વધર્મના યથાર્થ પાલનથી સિદ્ધ કરી બતાવે તેવો અભિલષણીય અને આદરણીય સ્ત્રીવર્ગ ઓછો છે આથી યોગ્ય સ્ત્રીનો અયોગ્ય પુરૂષથી તેમજ યોગ્ય પુરૂષનો અયોગ્ય સ્ત્રીથી ગૃહસ્થાશ્રમ રચાય છે, જેના પરિણામો કેવા આવે છે એ જો કે વાચકવૃન્દની દૃષ્ટિ બહાર તો નહિ જ હોય! તોપણ યોગ્ય સુપાત્ર સ્ત્રીનો વિદ્વાન્ પણ વ્હેમી અને મિથ્યાભિમાની

પુરૂષ સાથે લગ્નસમ્બન્ધ રચાતા, તેણીનો ઉચ્ચ જીવન પ્રવાહ, કેટલી બધી કલેશકર ક્ષાર ભૂમિમાંથી પસાર થાય છે–છેવટમાં પ્રભુની અનંતતામાં કેવી રીતે શમાઈ જાય છે? તેનો યોગ્ય ચિતાર વાચકવૃન્દ સમીપ ધરવો એટલોજ હેતુ આ લઘુ ગ્રંથને પ્રકાશમાં મૂકવા રાખ્યો છે આ હેતુ કેટલા અંશે ફલિત થયો છે, તે વિવેકી વાચકવૃન્દે જોવાનું છે ઇતિ શિવમ્

લિ૦ કર્તા.

લલિત

"વિવિધ વિશ્વની આધિ વ્યાધિઓ,
"વિવિધ રૂપમાં દ્રષ્ટિએ પડે;
"ધીર ધરી ઉરે સામી હું ધસું,
"અરર ! શક્તિ એ હાથ જો ચડે. ૧

"વિધિ શિરે રૂઠે કે પ્રભુ રૂઠે,
"દિલ દયા વડે ઝુંહતાં ડરે;
"અરર ! નાથ ને સાસુ જો રૂઠે,
"જીંત્રથી મારવા હાય ! શું ડરે ? ૨

"કલિ તણાં અરે ! ક્રૂર રાજ્યમા;
"ઉચિત તે બધુ નષ્ટ હા, થયું;
"કલિ તણાં અરે ! ક્રૂર રાજ્યમાં,
"ભરત ભૂમિનું ભાગ્ય હા, ગયું. ૩

"દુધની આશમાં પાણી ના મળ્યું,
"મધુર જીવવું મોહમાં ભળ્યું;
"વિષ પીવા વિના ઝેર જે ચડયું,
"કુસુમ જીવ એ જાય શું સહ્યું ? ૪

“મધુરતા અરે! પુષ્પમાં વધે,
“રસિક માળી કો, સૃષ્ટિમા નથી,
“પરમ સુખની દિવ્ય છાંયડી,
“અરર! મા વિના, દૃષ્ટિમાં નથી. ૫

“રૂદન માહરૂં સાંભળે બધા,
“દિલ દયા ધરે એવું કો, નથી,
“રડતી દેખતા શબ્દ બાણુથી,
“કુસુમ–કાળજું સૌ વિધે મથી ૬

“દિવસમા અરે! પૂજ્ય સાસુજી,
“પ્રતિપળે મને બૌ દુભાવતા,
“દિન જતા વળી દુષ્ટ રાત્રિમા,
“પતિ કરે અરે! હાડ ભાંગતા. ૭

“દિન દુખે ડરી, દુ:ખી દીલડું,
“અરર! રાત્રિની ચાહના કરે,
“પણ નિશા થતાં કાન્ત સાથમા,
“હૃદય બાપડું કંપતું અરે! ૮

“હૃદય કંપતાં, શું હવે રહ્યુ?
“ઉર વિચારતાં લ્હાય લાગતી,
“હૃદયનું મહા સત્ત્વ સૌ બળ્યું,
“જીવન આશ એ શુષ્ક ભાસતી. ૯

ખમ્મર (૧૧)

“મરણુ જે હવે વિશ્વ નિન્દતું,
“મરણુ તે હવે જીવ ચ્હાય છે,
“જીવ જતાં અરે ! દુખ સૌ જતું,
“મરી સુખી થવા દીલ થાય છે. ૧૦

“હરિણી પારધિ હાથમા પડી,
“હરિ વિના હવે, કો બચાવશે ?
“અરર ! માછલી જાળમા ફસી,
“પ્રભુ વિના હવે કો, જીવાડશે ?” ૧૧

શાર્દૂલ

પ્રેમી પાત્ર સુપાત્ર વિણુ જગમા, પ્રેમાંધ ટોળી વધી,
ને ડૂબ્યો નિજ દેશ વ્યાધિ દળમા, શાન્તિ છુપાણી બધી;
કાન્તિ કામ સમાનને ગુણુ મહીં, શ્રી રામ શ્રી કૃષ્ણુના,
જેવો હાલ મળે ન આર્યભૂમિમા, દુર્ભાગ્ય એ દેશના. ૧૨

પ્રીતિ પન્થ વિશાળ સૌ મુખ વદે, દોડે પ્રીતિ પન્થમા,
શોભે દુષ્ટ અનંગની કળ બળે, લેખાય છે અન્ધમા;
કૈ કામાન્ધ દિસે જગે ઉછળતા, દુખોદધિ છોળથી,
કિન્તુ જ્ઞાન હીણા અહો ! મન લહે, ન્હાયા પ્રીતિ-નીરથી. ૧૩

વિદ્યાના મદમાં રહી છકી જનો; વેગે વહે વિશ્વમાં,
ને શોધે સુખ સ્થાન સૌ સુખી થવા, શાણા બની સૃષ્ટિમા;
જાણે ના કદિ પ્રેમની ખરી ખુબી, મોહે ફસી મ્હાલતા,
તોયે પ્રેમ સુપ્રેમના ગુણી અમે, જ્યા જાય ત્યાં ભાખતા ૧૪

આખું વિશ્વ ભુલું પડયું વિભુ તણી, લીલા અનેરી મહી,
સાચો ધર્મ ભુલી ગયુ જગ બધુ, બોલે મુખેથી સહી;
વાણીમાં સહુ વિદ્વતા ભર્યું વદે, કિન્તુ કૃતિમા નહિ,
ડાહ્યાનો કરી ડોળ વિશ્વ વહતા, કીર્તિ જ ભોગી ચહી ૧૫

તેમાંના જણ એકની પ્રિયતમા, બાળા સુભાગી બની,
આશા અંતરની અમી સુખી થવા, મારે ઉછાળા ઘણી,
રે'તી'તી પતિ સાથમાં દિનનિશે, પ્રેમે પતિ પૂજતી,
થાતી નિત્ય દુખી છતાં ઉર સુખી, સ્વામી નિહાળી સતી ૧૬

વિદ્યામા પરિપૂર્ણ ને ગુણ મહીં, પૂરી વધેલી હતી,
વિશુદ્ધિ મન બુદ્ધિની અજબ ને, કાન્તિ વપુમાં હતી;
શાન્તિમા શશિથી વધે પ્રીતિ પથે, પ્રેમાર્દ્ર પૂરી હતી,
સ્વામી ભક્ત મનોવૃત્તિ સતી સમા, ચારિત્ર્યથી શોભતી ૧૭

સાચે સૃષ્ટિ મહીં અહો ! સતી સમી, એ સુન્દરી પૂજ્ય છે,
કિન્તુ કાન્ત ઉરે ખરે શિયળમા, ઊંડો ઊંડો વ્હેમ છે;

વ્હેમે નાથ પડ્યો બહુ દુ ખ દિયે, નિત્યે સહે છે હસી;
સ્વામી વ્હેમ વધ્યે સતી ગુણપ્રભા, ના કાન્ત જાણે કશી. ૧૮

વ્હાલાના વચને વડી સુખી થવા, વિશ્વાસ ઉરે હતો,
સ્વામીમા મમ સર્વ છે ઉર મહીં, એ ભાવ સ્ફુર્યો હતો;
મારૂં ભાગ્ય પિયુ તણા સુખ દુ ખે, જોડાયલું માનતી,
મારૂ હું પિયુના હું મા ધરી સુખી, થાવા ઉરેચ્છા હતી. ૧૯

સ્વામીના શરણે રહી સુખી થવા, આશા અનેરી હતી,
એ આશે પતિભક્તિમા રત રહી, આનન્દને દાખતી;
જાતાં કાળ પિયુ મને સુખ દિયે, એ આશના પાશમા,
કાઢ્યા દિન ઘણા છતા દુ ખ થતા, રોવે છુપા વાસમાં. ૨૦

"આનુષ્ઠું મમ કર્મ ધર્મ વૃત્તમાં, ખામી હશે પૂર્વમા,
"જે દોષે પતિ પૂજ્ય હું પજવતાં, ડૂબી મહા કલેશમાં;
"સ્વામીથી સુખિણી નહીં વળી બધું, કુટુમ્બ ધૂતી ગણે,
"આપે કષ્ટ અતોલ ના સહી શકુ, જીવ્યુ રુચે શું પછે ? ૨

"આવામાં નહિ ભાવ ને મન મહીં, મુંઝાઇ નિત્યે મરું,
"કિન્તુ બાળ વધૂ તણી ઘર મહીં, લેતું ન કોઇ ખરું;
"શું સાસુ સસરા ઉરે પુરવમાં, સન્તાપ કીધો હશે !
"કે સંસાર સુખી થવા જીવ તણી, આશા નિરાશા હશે ! ૨

"શું મોહે ફસતા પ્રીતિ ઉર ગણી, શું કાન્ત સેવા ચુકી?
"કે શ્રદ્ધા પતિભક્તિમાં મમ ઘટી, તેથી દુખે હું ડુબી?
"શું હું પાપ અમાપ પૂર્વ કરીને, જન્મી જગે રે વિભુ?
"કે શુ આ ભવના કુડા કરમમાં, ભુલી પડી રે વિભુ?

હરિગીત

"રે રે પ્રભો! સુખ લૂંટિને, દુખ કૂપમા શાને ધરી?
"આશા સદન આ નષ્ટ કરતાં, હાથ શું આવ્યું હરિ?
"કીડી થકી કુજર સુધી જીવ, સકળ પોષે પ્રેમથી,
"મમ પ્રાણ પોષક સત્ત્વ શુ, સંસાર કં સર્જ્યું નથી? ૨૪

"દયાળ તું વિભુ દીનનો, આધાર નિરાધાર તું,
"દીલ દરદનો તું વૈદ્ય દૈવી, સૃષ્ટિ પાલક વિશ્નુ તું;
"જીવ શત્રુ શોષક શિવ, તું, જીવ કર્મધારક શક્તિ તું,
"પ્રતિ ક્ષણ નૂતન સૃષ્ટિ રચી, લીલા અનેરી ધાર તું. ૨૫

"તારી સત્તાથી સૂર્ય શશિ આ, વિશ્વ પર જ્યોતિ ધરે,
"સુખ સત્ત્વ આપી સર્વને, વ્યાપક તિમિરપટને હરે,
"માનવ હૃદય સુતત્ત્વ પોષક, તત્ત્વ તું પ્રેમે ભરે,
"આધિ ઉપાધિ દગ્ધ કરીને, શાન્તિના પંથે ધરે." ૨૬

વસન્તતિલકા

વિચારમાં બહુ વહી ઉર સુખી થાવા,
કિન્તુ ઉરે દુઃખ વધ્યુ મુખ મૃત્યુ જાવા;
આ જીંદગી નિરસ ને દુઃખ પૂર્ણ ભાસે,
વ્હાલા હિયે દુઃખ પછી જીવવું શી આશે ? ૨૭

વિચાર વારિધિ અરે ! ઉછળી રહ્યો છે,
શાન્તિ શમ્યે વિભવ બુદ્ધિ બધો સર્યો છે,
કાન્તિ તજી તનુ અરે ! રસભેર ચાલી,
ભ્રાન્તિ ભરી દુઃખપ્રભા મુખ ચન્દ્ર આવી ૨૮

દુઃખી થયેથી નિજ ભાન બધુ ભુલાતું,
સંસાર દુઃખ દરિયો ઉરમા મનાતું,
ઘેલી બની સુતનુ આ મુકી હાથ માથે,
રોતી ઘડી શિર ઘડી ભૂમિ શુ પછાડે ૨૯

વસ્ત્રો તણી સુઘડતા સહુ નષ્ટ થાય,
છૂટેલ કેશ ઉડતા મુખડે છવાય;
આસુ વહે નયનથી થયું ઉર ખાલી,
લાલી ગુલાબી દૂર દેશ રિસાઈ ચાલી ૩૦

રોતી ભરીજ ડસકા પણ ભીતિ ઉરે,
જાણે રખે પિયુપિતા* ગણી ધૂર્ત નિન્દે,

---

* સસરો.

સાસુ નણુંદ ભયથી ઉર કંપી દ્વાર,
જોતી ઘડી ઘડી રડી રડી થાતી અંત. ૩૧

રોવાથી ભાર દુઃખ ઉર ઘટે ખરુ છે,
તેથી વિચાર મન ઉર વધે ખરુ છે,
રંગો ઘડી ઘડી નવા ઉરના નિહાળી,
બોલી ઉઠી સુતનુ આ દુઃખડાં બિચારી ૩૨

"સંસાર સૌખ્ય પિયુ સંગ કદિ ન લીધુ,
"સ્વામી હિતાર્થ નિજ ચિત્ત સહર્ષ દીધુ,
"મારૂં કર્યું પિયુ બધુ પિયુ મારૂ ભિન્ન,
"ધારી રહ્યે મન-ઉરે ન થયા અભિન્ન. ૩૩

"કાન્તા તણું હૃદય જ્યા નવ કાન્ત જાણે,
"કાન્તા ન જ્યા હૃદય કાન્ત હસી સુજાણે,
"જ્યા દ્વૈત ભાવ ઉરમા રમતો રહ્યો છે,
"દામ્પત્ય પ્રેમ કદિ દમ્પતિ ત્યા મળ્યો છે? ૩૪

"જ્યા દિવ્ય પ્રેમ ઉરનો ઉરમા રહે છે,
"જીવ્યાનું લ્હાણુ ખરૂં ત્યા ન મળે અરેરે!
"કાન્તા તણા મૃદુ ઉરે રસના ઝરા છે,
"વિદ્વાન કાન્ત સમીપે વહવા નકી છે. ૩૫

“વિદ્યા દિયે વિનય પ્રેમ ગુણો દિયે છે,
“શાન્તિ દિયે શમ અને શમ સર્વ દે છે;
“ચારિત્ર્ય ઉચ્ચ ગુરૂ શિષ્ય હસી શિખાવે,
“ચારિત્ર્ય દે પ્રભુ તણી પ્રભુતા સ્વભાવે. ૩૬

“શાસ્ત્રો ભણે પણ રહસ્ય ન શાસ્ત્ર જાણે,
“જાણે ખગોળ પણ ભૂમિ ઉભો ન જાણે;
“બોધે હસી જગ તણો હિતપથ નિત્યે,
“શોધે ન કિન્તુ નિજનો હિતપંથ પ્રીત્યે. ૩૭

“કયા સ્થાન નિજ જગ આ કદિયે ન જાણ્યું,
“વિદ્વાનમા જગ ખપી સુખ શું પ્રમાણ્યું ?
“ચારિત્ર્ય નીતિ રસથી ન રસ્યું પ્રીતિથી,
“વિદ્વાન એ પરહિતે વહશે નીતિથી ? ૩૮

“જાણ્યું બધુ જીવન લ્હાણુ અરે ! ન જાણ્યું,
“વાચ્યું ઘણુ હૃદય પ્રેમ ધરી ન વાચ્યું;
“લીધુ બધુ પણ ન લ્હાણું પુરૂષ લીધુ,
“કીધુ ઘણુ જીભ થકી કૃતિથી ન કીધુ ૩૯

“વિદ્વાન એ જગ ભલે સહુથી મનાય !
“વિદ્વાન સૌખ્ય જગ સેવ્ય નહીં પમાય;
“જ્ઞાની પિતા તણી પ્રજા ગણી મોદ માને,
“વિદ્વાન હું મન ગણી મન મસ્ત આણે. ૪૦

"વિદ્વાન કાન્ત તણી પત્ની જગે જણાઉં,
"કિન્તુ અકથ્ય દુઃખ નાથ થકી નિહાળું;
"આ દુખ ના જણવવુ ઘટતું બીજાને.
"શુ દોષ કાન્ત વદવા ઉર યોગ્ય હુને? ૪૧

"માતા પિતા તજી સુખે રહી નાથ સંગે,
"ચાહ્યુ અરે! નવ થયું, થયું દુખ અંગે,
"સોપ્યો હસી કર અરે! ગણી સુખ રાશિ,
"હું સૌખ્ય આશ ફળી, ના, ક્ષણ ના હુલાસી. ૪૨

"દુખે બની કૃશ હવે દિન કેમ કાઢું?
"વિશ્વે નથી સુખ તદા, તનુ કેમ રાખુ?
"સસારમા વિચરવુ રૂચતું ન હાવે,
"તેથી હસી મરી જતા સુખ સ્વર્ગ આવે" ૪૩

આશા હવે ઉર ન એક સુખી થવાની,
છે માત્ર આશ મુખ મૃત્યુ હસી જવાની;
પ્રાણાતની અણિ પરે લલના જ આવી,
કીધુ નકી મન અને બની ઉગ્ર ચાલી ૪૪

દુખો બધા દૂર કરી ઉર મોદ ધારી,
આવ્યો સમો સફળ આ કરવો વિચારી,
લીધી જ પ્યાલી વિષની હસી હસ્ત હાવા,
માંડી મુખે પણ પીતાં કર ધ્રુજતો? હા. ૪૫

“ઓ હસ્ત ! તું મુજ હિતે પડતો હમેશ,
“ના કંપ આમ ધર, તું મુકી ધીર છેક;
“મારા સુખે સુખી થવા તુજ સ્નેહ સાચે,
“તે સ્નેહ ધારી કરી કાર્ય પછી તું રાચે. ૪૬

“ઓ પ્રેમી હસ્ત ! તજ કંપ હું સૌખ્ય માટે,
“મારા સુખાર્થ પથમાં પડ સ્નેહ સાટે,”
કીધુ ઘણુય પણ હસ્ત ન ધૈર્ય આવ્યું,
કંપી કહ્યું “મરી જવુ વિણુ મોત ખારું”. ૪૭

આશા ભર્યું જીવન આ તજવા વિચારે,
ને આત્મઘાત કરવા મન મોદ ધારે;
આનન્દ ! હા, મરી જવા પ્રમદા અનેરો,
પ્યાલી ગ્રહેલ કર કિન્તુ ધ્રુજે ઘણેરો. ૪૮

નીચો જરા કર કરી ઘડી મૂઢ જેવી,
શાર્ણી સુશીલ પણ આજ સુહાય એવી,
ભાલે મુકી કર બીજો રડતી વિચારે,
શ્વાસો ભરે પણ ધ્રુજે તનુ આખું ભારે ૪૯

“આ ઝેર હાય મમ ઉર ભર્યું ભરાશે !
“પીધા પછી દુ:ખ થવુ સહવુ સહાશે ?
“નીશો ચડે હૃદય ભાન બધું ભુલાશે,
“કો, વૈદ્ય લાવી મમ ભાન અરે ! અણાશે ?” ૫૦

ઉઠયા વિચાર ઉરમા નવલા નિહાળ્યા,
"શું હું કરૂં પ્રભુ હવે" વદી સદ્ય બાળા,
ભોળી વિચાર કરી સત્ય કળી શકે, ના,
કિન્તુ વિચાર ઉર ઉર શમી શકે, ના. ૫૧

"આ ઝેર પી મરી જતા કદિ જો બચાય,
"તો તો જીવ્યું જીવન હું જગ વ્યર્થ થાય,
"નિન્દા કરે જન હસે મુજને સતાવે,
"મેણા હિયે શુણી શકું પણ શુ સહાશે ? ૫૨

"રે રે પ્રભો ! પ્રણમીને તુજને કહું છું,
"તારૂં પ્રભો ! શરણ વ્હાલ ધરી ચહું છું,
"રે'વું નથી જગ પ્રભો ! ક્ષણ એક મારે,
"ઘાતી બનું પણ પ્રભો ! ગણી દીન તારે ૫૩

"આ પ્રાણ હોમું પ્રભુ માત્ર સુખી થવા, ના,
"હું હોમું પ્રાણ છુટવા દુ:ખ માત્રથી, હા.
"આ પ્રાણ દાન કરી હું પતિ વ્હેમ શુદ્ધિ
"થાઓ ચહું મનથી ના, ચહું અન્ય સિદ્ધિ" ૫૪

આકાશમાં નજર ને મુખમાંહિ રામ,
ને એક હાથ વિષ પ્યાલી બીજો કપાળ,
બેઠી હતી વિષ પીવા પણ ના પીવાયું,
કિન્તુ ન શાન્તિ સુખ લેશ ઉરે જણાયું. ૫૫

જે હાથ પ્યાલો વિષ તે મુકી સદ્ય નીચે,
જાવા છુટી રીતિ ઉરે વળી બીજી ઇચ્છે;
ઇચ્છી રીતિ મળી હસી ચડી મેડી માથે,
ગોખે ઉભી, "પડું હવે મળું ભૂમિ સાથે." ૫૬

"હા! હા! હવે પડું સુખે કરૂં ઢીલ શાને?
"માયા વિનાશી તનુની ધરૂં દીલ શાને?
"માતાપિતા તણી પ્રીતિ મન ધારૂં શાને?
"થાવું થશે અનુભવે શિખવુ ન શાને?" ૫૭

સિદ્ધાન્ત એ મન કરી પડવા જતી'તી,
અંગે ધ્રુજારી છુટતા અટકી પડી'તી;
આવેશ અંગ અધિકો પળમાં વધ્યો છે,
અંગાર આખ ઝરવો શરુ ત્યા થયો છે ૫૮

દ્રષ્ટિ તણી ગતિ અરે! ભૂમિ સાથ સાંધી,
સ્થભી જણાય જડ જેવી લીધેલ બાધી,
ના ભાન લેશ થતું શુ? કરવુ ઘટે શુ?
સ્ત્રી ધર્મ ભુલી ક્ષણમા મરવું ગમ્યું શું? ૫૯

ના જ્ઞાત છે નિજ કૃતિ જગ પ્રાપ્ત જે છે,
થાતી કૃતિ દુ:ખદ તેનું ન જ્ઞાન કૈં છે,
જાતા મરી પતિ તણો ઘટવો ન વ્હેમ,
કિન્તુ વધે યુવતિને નવ જ્ઞાન એહ. ૬૦

આવેશમા વધી અહો ! નવ જોતી બીજે,
નીચું નિહાળી રહી'તી વળી એક ચિત્તે,
કૈં સૌખ્ય વાયુ લહરી તનુ સાથ સ્પર્શે,
કૈ ભાન આવ્યું નિજમા વહતી વિમાસે ૬૧

"બારી થકી પડી ઘણા જીવતા રહ્યા છે,
"અંગે અપંગ બની કૈ દુઃખમા ડુબ્યા છે,
'ખાવા પીવા હસી ન દે દુભવે હસી સૌ,
"જીવ્યું પછે પશુ સમુ ગણી નિન્દશે સૌ ૬૨

"કૈ પાણિ પાદ વિણુ સ્ત્રી પતિ ભોગ થાતી,
"જોતી જગે ભુલી બધુ કરૂં એમ શાથી ?"
એવુ વિચારી ગૃહમાં તજી ગોખ પેઠી,
ને ભૂ પરે કર કપોલ ધરી જ બેઠી. ૬૩

શાર્દૂલ

"દુર્ભાગી મમ જીવડા ! તન તજી, જાવુ ન શાથી ગમે ?
"શું વ્હાલું ગણી વિશ્વમા વિહરવા, ચાહી રહ્યો છે હવે ?
"આ સંસાર અસારમા સુખ તને, જેથી થવાનું હતું
"તે તુને નવ ચ્હાય ને દુ ખ દિયે, જે શું સહ્યુ જાય તું ?'

"જેનો કોય જગે નહિ પ્રભુ અહો ! તેનો જ બેલી ગણી,
"ફેંકી દેહ સુખે હવે વિચર, તું, આ વિશ્વથી તે ભણી,
"છૂટયે આ ભવથી ખરે સુખ થવુ, એ સત્ય સિદ્ધાન્ત તું,
"જાણી શોધ હસી રીતિ તન તજી, જાવા પ્રિયે જીવ, તું. ૬૫

"પાપી પાપ પ્રજાળિને પરહિતે, પ્રેમાર્દ્ર થૈ વાધતી,
"શાન્તિ સેવ્ય હિયે શુદ્ધિ તનુ હિયે, મંજુ હસી મ્હાલતી,
"પ્રેમી પ્રાણ પ્રીતિ રસે રસી અહો, આનન્દમા સ્થાપતી,
"મીઠી વાણી ભર્યા મહા રસ ગીતે, નિત્યે નવુ ગુંજતી. ૬૬

"સર્પાકાર રચી વહે નદી અહી, ગંગા સમી સેવ્ય છે,
"સંસારે દુ ખ તાપથી બળી રહ્યા, તેનું રૂડું સ્થાન છે.
"તેમા ઓ મમ જીવ ! તું પડી સીધો, સિધાવ વિશ્નુ પ્રતિ,
"એ તારૂં સુખ ભાગ્ય ને તન રહયે, થાવી ન સારી ગતિ." ૬૭

વસન્તતિલકા

ગંગા સમી નદી મહીં પડવુ વિચાર્યું,
આ વિશ્વના ઋણ થકી છુટવું જ ધાર્યું;
કીધો વિચાર મનમા નદી નીર જાવુ,
ને દેહ અર્પી ઉર શલ્ય બધુ શમાવુ. ૬૮

કાઢયા સુવસ્ત્ર હસી ઉર પહેરવાને,
ધાર્યા સુખે તનુ પરે સરિતા જવાને,
બેડું લીધુ શિર અહો ! નદી નીર જાય,
જે ગુહ્ય છે હૃદય તે નહિ સાસુ જાણ. ૬૯

બે દિનથી ભુખ્યોં છતા નહીં નીર જાય,
જોતાં ઉરે હરખ સાસુ ખરે ! ન માય,
“આ રાડને પજવુ એ મમ શાન્તિ સાચી,”
બોલી ઉઠી અબુધ સાસુ ઉરેજ રાચી ૭૦

કૈ દુષ્ટ સાસુ દુઃખથી વહુ દીલ દુભે,
સાખ્યુ જતું ન વહુથી પછીં છાનુ રૂવે,
આ દુષ્ટ સાસુ તુજ પુત્ર તણી વધૂને,
સંતાપ ના પ્રભુ થકી સહવુ નથી એ ૭૧

સાસુ દુખે ઘણીં સ્ત્રીઓ જગમા રીબાય,
તે સૌખ્ય કાજ નિજ દેશ ન કોય ધાય;
શબ્દો સુણ્યા થકીં ઉરે બહુ જોર લાવી,
ચાલી સવેગ ઘર બ્હાર સહર્ષ આવી ૭૨

વ્હેમી પિયુ મલપતો ગૃહ આવતો’તો,
હું મા બધુ મન ગણી અતિ રાચતો’તો,
હાથે ધરેલ તનુ સોટી ઉરાડતો’તો,
ને છાતી કાઢી મદથી ધીરૂં ચાલતો’તો ૭૨

વિદ્વાન છું ! કુલિન છું ! ધનવાન હું છું !
એ ભાન માત્ર નિજ ભાલ રમી રહ્યુ’તું,
જોતા પ્રિયા યુવક આ ધરી ક્રોધ બોલ્યો,
“હુંથી રૂડો પુરૂષ ત્યા વળી શોધજે હો.” ૭૪

આ શબ્દ બાણુ સતી શુદ્ધ સહી શકે શું?
આ ગ્રીષ્મ તાપ કળી કાચી ખમી શકે શું?
આ વજ્ર માર તનુ પુષ્પ સહી શકે શું?
આ કાળ ચક્ર વિણુ મોત ખમી શકે શું? ૭૫

ના ના સહે પણ મરે વિણુ મોત સાચું,
ના જ્ઞાત તે પતિ ઉરે વદવું વધુ શું?
ભોકાય શબ્દ શર અશ્રુ વહેજ આંખે,
ભાવિ ફુટયું ગણી વદી "સુખ કયાંથી મારે!" ૭૬

"હુ જેવી ઉર પ્રભુ તેવી મને સુજાણે,
"હુ ન્યાય હો, પ્રભુ થકી ગ્રહું સદ્ય હાવે,"
સપ્રેમ જાય નદી નીર ઉરે વિચારી,
ચાલે સવેગ તદપિ ગતિ મંદ ભારી. ૭૭

વ્હાલી સખી ગુણુ ભરી નદી નીર જાતી,
દ્રષ્ટિ ચડચે મન ઉરે કંઈ ભીતિ થાતી,
જાણે યદિ મમ સખી મમ ઉર દુઃખ,
બોધી પ્રબોધી ભુલવે મરવુ અમૂલ્ય. ૭૮

"ના નાથ શબ્દ શર ક્રૂર ખમી શકું હું,
"સાચે હવે ફુટી જવું, શુણવું પછી શુ?
"હું સત્ય સ્થિતિ ઉરની ઉરમાંહિ રાખું,
"ને સ્નેહથી સખી કને, મમ સૌખ્ય દાખું." ૭૯

આવું વિચારી મનમાં ગતિને વધારી,
બોલી હસી "પ્રિય સખિ! નહીં નીર ચાલી!"
શબ્દો સુણી પ્રિય સખી સખી કાજ ઉભી,
ને દ્રષ્ટિ દ્રષ્ટિ મળતા ઉર બેઉ રાચી. ૮૦

બન્ને મળ્યા હસી અહો! નીર સારૂ જાય,
આનન્દ અંગ અધિકો ઉર દૃશ્ય થાય,
બોલે હસે સુખ થકી ઉર? હા, અભિન્ન,
કિન્તુ થયા ન રસમાં તદપિ તલિન્ન. ૮૧

બીજા વિચાર પુરમા સખીને તણાતી
જાણી પૂછે નવી સખી ઉર વ્હેમ આણી,
"શાણી સખી તવ ઉરે વસી કૈં ઉદાસી,
"વાતે વદ્યે જુદી પડયે મમ ઉર ભાસી ૮૨

"કૂવા તણાં જળ સખી મળવા હવાડે,
"બીજો તણાં ગુણ સખી ફળવાજ વૃક્ષે,
"જે અંતરે પ્રિય સખી રમવું મુખે તે,
"એ સત્ય હા, અનુભવે સમજી હું આજે ૮૩

"હું સ્નેહ છે તવ સુખે સુખી વિશ્વ થાવા,
"હું સ્નેહ છે તવ દુ ખે દુ ખી વિશ્વ થાવા,
"હું સ્નેહ છે તવ હિતે મમ સૌખ્ય દેવા,
"હું સ્નેહ છે તવ ઉરે સખિ! સ્થાન લેવા. ૮૪

"જ્યાં સ્નેહ ત્યા ભિન્નપણુ ધરવુ ઘટે ના,
"જ્યા સ્નેહ ત્યાં અભિન્ન ઉર થવુ ઘટે હા,
"જ્યા સ્નેહ ત્યા હસો અહો ! ઉર ખોલવાનું,
"જ્યા સ્નેહ ત્યા દુઃખ સખી ન છુપાવવાનું ૮૫

"ખોલી સખી હૃદયને જણુવે હવે તું,
"શાથી સુકાર્ણું શરીરે સુચવે સખી તુ,
"શાને વિચાર ઉરના વદતા ડરે છે,
"જે છાનું તે મુજથી છાનું સખિ ! રહે છે ૮૬

"તારા પતિ ગુણી છતા અભિલાષ સિદ્ધિ,
"શુ ના મળી પ્રિય સખી વદ, તું પ્રીતિથી,
"વિદ્વાનની પ્રિયતમા સહુથી મનાય,
"કિન્તુ શુ પ્રેમ પિયુનો કદિ ના પમાય ? ૮૭

"શાને સખી મૂક રહી અધીરી બનાવે,
"શાને મને દુ ખ વિચાર ઝુરે ઝુલાવે,
"વ્હાલી મને હૃદય શલ્ય અરે ! જણાવે,
"ના આમ દુ ખી ઉરથી થવું યોગ્ય હાવે. ૮૮

"માતા પિતા તુજ હસી તુજને ચહે છે,
"ભ્રાતા વળી તુજ મુખે હસી ધ્યાન દે છે,
'તું સાૈખ્યથી ભગિની સર્વ સુખી રહે છે
"કિન્તુ દુ ખે બળી રહી પિયુના કહેને ?" ૮૯

અનુષ્ટુપ

વ્હાલસોયી સખી શબ્દે, શાન્તિ ના કંઇ સાપડી,
કિન્તુ યાદિ ચડયું સર્વે, દેખીને દુ ખિણી બની. ૯૦

આખમાથી વહે આસુ, ઉર ખાલી થતું બધુ,
કિન્તુ કે'વા સખીને સો, ધૈર્ય ના ઉરમા રહ્યું ૯૧

"શાણી તું છે છતાં શાને, ધૈર્ય મુકી રડી રહે?
"શા દુ ખે તું રૂવે આવુ? શાણિ! તું મુજને કહે". ૯૨

પ્રશ્ન શુણી રડી ઝાઝુ, અંત તે શ્રમિતા બની,
વ્હાલસોયી સખી સામી, દ્રષ્ટિ ફેંકી પછી વદી ૯૩

વસન્તતિલકા

"માતા પિતા મમ સુખે સુખમાં રહે છે
"સ્નેહી સગા મન મહીં સુખ હું ચહે છે,
"સંસાર સાથી સખિ! હું સુધરેલ શોધી,
"સોપી હસી પતિ કરે શિખ સેવ્ય બોધી ૯૪

"ધાર્યું હસી પતિ સુખે સુખ સર્વ મારૂં,
"ધાર્યું હસી મન-ઉરે પતિ સર્વ મારૂં;
"ધાર્યું સદા પતિ પૂજા સુખ સ્થાન મારૂં,
"ધાર્યું સદા જીવન હું જગ નાથ મારૂં. ૯૫

"સ્વામી સુખે સુખી થવા મુજ જન્મ માની,
"રાત્રિ દિને રત રહી પિયુ આશ જાણી,
"વ્હાલા તણી વૃત્તિ બની વહવું વિચારૂં,
"વ્હાલા વદે ન રસ વેણુ પછી શુ ધારૂં ! ૯૬

તોટક વૃત્ત

"મમ કાન્ત તણું સહુ મારૂં ગણુ,
"પણુ મારૂં ન કાન્ત ગણે નિજનું,
"પતિ પ્રેમ ચહેલ ન પ્રેમ મળે,
"પ્રમદા સુખ આશ પછી શુ ફ્લે ! ૯૭

"જનમી જગ હું,
દુખમા ડુબવા,
પરણી સખી હું,
ઉર દગ્ધ થવા". ૯૮

"નથી નાથ ઉરે ચડી નાચી અરે !
"નથી પ્રેમ પ્રભા પતિ પામી અરે !
"નથી ગોષ્ટિ રચી મૃદુ ચુમ્બનથી,
"નથી આખથી આખ પિયુ શું મળી ૯૯

"પતિ પ્રેમ વિના,
જગ સૂનુ દિસે,
સહુ પ્રેમ છતાં,
નહિ આત્મ હસે". ૧૦૦

"મમ આશ તણી સુખ–વાડી સખી,
"પ્રીતિ–વારિ વિના બની શુષ્ક સખી,
"પ્રીતિ યોગ વિના સુખ યોગ સખી,
"ન થયો ન થશે જીવવુ શુ પછી !" ૧૦૧

વસન્તતિલકા

આવુ વદી ઉર દુ ખે બની દીન બાળ,
ને આંખડી અરર ! આસુ વહે અપાર;
સ્વામી દુ ખે પ્રિય સખી મરવું વિચારે,
જાણી સખી દુ ખી બની વદતી સુધૈર્યે. ૧૦૨

"વિદ્યા વિનોદો સખી તું તજી સર્વ આશ,
"જાવા ચહે પ્રભુ ગૃહે કરી આત્મઘાત,
"ના આત્મઘાત કરી પ્રેમ પ્રભુ પમાય,
"ના સ્નેહ સર્વ તજતા સુખમા સુવાય ૧૦૩

"વિદ્યા ભણી ગુણી બની મરવા વિચારે,
"આશ્ચર્ય થાય અધિકું મન–ઉર મારે,
"આવુ ન સાહસ કરે સખી શાણી થૈ તું,
"માથે કલંક ચડશે ઘટવું પછી શુ ? ૧૦૪

"કીધેલ કર્મ જીવના જીવ ભોગવે છે,
"સદ્ધર્મપંથી જીવ સો સુખમા સુવે છે,
"પાપે પચ્યાથી જીવને દુ ખ નિત્ય વાધે,
"પાપી તું ના પછી ડરી મરી જાવું શાને ?" ૧૦૫

પ્રેમે પ્રબોધ સખી સૌમ્ય સપ્રેમ શુણ્યો,
કિન્તુ વિચાર ઉર લેશ ઘટ્યો ન કૈ હો !
વ્હાલી સખી વચન સૌ શુણીને રસાળા,
બોલી વિચાર કરી ઉર સપ્રેમ બાળા ૧૦૬

ગાઝલ

"હું પ્રેમી પર પ્રાણમા પ્રીતિ વડે, હું પ્રાણ દેવા ચહુ,
"હુ સાચો ઉરથી ઘણો જીવ જતા, ના સત્ય ત્યાગી શકુ;
"હું જ્ઞાને પરિપૂર્ણ ને જગ બધુ, હું જ્ઞાનમા ચુસ્ત છે,
'હું માને સહુ માન એ મનવવા, હું નાથજી મસ્ત છે ૧૦૭

"મેં વાચેલ સુગ્રંથ તે જગ જનો, ના વાચવા પામશે,
"મેં જોયુ જગ જેહ તે જન કદિ, જોવા ન ભાગી થશે,
"મેં કીધુ હિત કાર્ય જે ભૂમિ તણુ, કીધુ ન કો'થી જશે,
"મેં લ્હાણું રસ પ્રેમ જે જગ લીધુ, લીધુ ન કોથી થશે. ૧૦૮

"છે કામાન્ધ છતા સખી! મન થકી, કામાન્ધ માને મને,
"છે દોષિત પૂરા છતા શિયળમા, દોષિત માને મને;
"મિથ્યા માન ચહે ઘણુ દિનનિશે, ને ગુણ ગાતા ફરે,
"મારા દોષ પુછે હસી સરવને, સંખાય શાથી અરે ! ૧૦૯

"દાખી દોષ સખી હુંના મમ પિયુ, મ્હાલી રહ્યા સૃષ્ટિમા,
"હું દોષો જગ માનતું નથી છતા, ના લાભ જીંવ્યે જરા;
"બોલે બંધ મળે નહીં ગુણ ગીતા, ગાતાં ન થાકે વળી,
"તે શુ પ્રેમ લિયે હસી, હસી દિયે, જોવુ ઘટે છે સખી ૧૧૦

"ન્હાની છે નણુદી છતા શિયળમા, વ્હેમો ઉઠાવી ઘણા,
"કે'તી માતપિતા કને પ્રતિ પળે, ત્યા દુ ખની શી મણા ?
"પાડોશી પણ હાજીંયા દુ ખીતણી, ના હાય! જાણે ખરે !
"કિન્તુ ઢાગ મનાવવા મથી રહે, શુ કે'વુ તેને અરે ! ૧૧૧

"સાચે સત્ય તરે સખી મન થકી, સિદ્ધાન્ત સ્વીકારૂં છું,
"કિન્તુ ધૈર્ય રહ્યુ નથી મન હવે, થાવા છુટી ચાહું છું,
"દુ.ખી વ્હાર પ્રભો ! કરે સખી હસી, એ વ્હાર હુ માગું છું,
"આપે તો જગથી છુટી સુખી થવુ, એ માત્ર વિચારૂં છું ૧૧૨

"વ્હાલિ ! પ્રાણ ચહે પતિ પછી હવે, હું ઢીલ શાને કરૂં,
"થાવાનું સહુ થાય એ પ્રભુતણો, સિદ્ધાન્ત શાને ભુલું ?
"સ્વામીના સુખ કારણે મરી જતાં, લોકો મને નિન્દશે,
"કિન્તુ ધર્મ વિચારી હું ગુણિજનો, ના દોષ કૈ દાખશે. ૧૧૩

અનુષ્ટુપ

"બોલવાનું હવે બાકી, શું રહ્યું ? સૂઝતું નથી,
"કે'વા જેવું કહ્યું સર્વે, અન્ય કે'વું સખી નથી. ૧૧૪

"સૌખ્ય સ્થિતિ સખી જેની, સ્થિતિ હું સમજે નહી,
"સત્ય સ્થિતિ દુખી કેરી. સુખી ઢોગ ગણે સહી ૧૧૫

"દુખી સ્થિતિ દુખી જાણી, આસુડા નયને ભરે,
"કિન્તુ સુખી થવા જેવું, દુખી કૈ દઈ ના, શકે ૧૧૬

"ભાવિ રૂઠ્યુ" ગણી બન્ને, સામ સામુ ઘણું રડી,-
"ઉર ખાલી કરે શાણિ! દુખ ઉર જવુ નથી ૧૧૭

"સખી વ્હાલી સુખી તુ છે, દુખો હુ ઉરથી ઘણી,
"મારા દુખે થશે દુખી, જાણી મૌન ધરૂ સખી" ૧૧૮

હરિગીત

દુખ પૂર્ણ સ્થિતિ શુણતા, સખી આખ આંસુ ઉલટચા,
"શુ બોલવું? સમજાવવું?" વિચાર અંતરમા થયા,
નિશ્ચય કર્યો સમજાવવા, મરવા દઉ ના, આ ઘડી,
કે'વા જતી ત્યા દ્રષ્ટિ નિજ, ભાગિરથી તીરે પડી ૧૧૯

અનુષ્ટુપ

ભરી વારિ પડી પન્થે, કે'વું સૌ ઉમદા ગણી,
સખી શાણી વદી ના કૈં, દીન મુખ કરી રહી ૧૨૦

સખી બન્ને નદી તીરે, આવી સઘ ઉભી રહી,
નદી જોતા દુખી બાળા, કે વિચાર પૂરે વહી. ૧૨૧

હરિગીત

"સરિતા સુહાગી મહદ્ભાગી, રાગી હું છું તું તણી,
"તવ અંક રમવા અંતરે, આશા અનેરી હું ઘણી,
"એ આશ પ્રેરી આજ હું, તુજ અંકમા બેસું હસી,
"પણ સાથમા છે પ્રિય સખી, શુ બેસવા આપે કદિ? ૧૨૨

"સંજોગ સાનુકૂળ છતા, જાતા કરૂં જો આ સમે,
"અણિનું ચુકેલું જીવશે, દુખ વેઠશે અધિકુ પછે,
'શાણી સખીને ભૂલવી, આશા પૂરી આજે કરૂં,"
વિચારીને દુખ પૂર્ણ બાળા, બોલી ઉઠી પ્રેમ શુ ૧૨૩

"વ્હાલિ સખિ! મમ સાગુ નણદી, વ્હેમી છે ઉરથી ઘણુા,
"જાવા સખી મોડું કર્યે, હું દુખ કેરી ના મણા,
"ભૂલી ઘડી બેડા ભરી, આનન્દથી ચ્યે અહીં સખી,
"પન્થે પડી સુખ દુ બની, કથની કથીશુ પ્રિય સખી" ૧૨૪

સખી શબ્દમા અંતર છુપું તે, સમજતી ના પ્રિય સખી,
"ભૂલી બધુ, બેડા નીરે ચાલો ભરી" બોલી સખી,
નદી તીર બન્ને સાથમા, ઉતર્યા અહો! ઉછરંગથી,
ભરી નીર પાછા જ્યા વળે ત્યા, દુખી સ્ત્રી પુંઠે રહી. ૧૨૫

અનુષ્ટુપ્

દ્રષ્ટિ ફેંકી નદી સામી, મીઠું હાસ્ય ઉરે કરી,
બેડા પાસે મુકી ચીઠી, હાથ[1] જોડી અહો ! વદી ૧૨૬

ૠ ૠ ૠ ૠ ૠ

હરિગીત

"ઓ દિવ્ય સરિતા ! હૃદય શુદ્ધિ મારી તું ખોળે વસી,
"સહર્ષ પાણિ[1] પ્રસારી તું, અંકે લહે મંજુ હસી,
"કૈં કે જીવો તુજ અંકમા, આનન્દશુ લોટી રહ્યા,
"તે સાથ મુજને રાખવા, ઓ માવડી ! તું કર દયા ૧૨૭

"તવ દર્શને મનુ દ્રષ્ટિમા, વૃષ્ટિ અમીની ઉછળતી,
"તવ સ્પર્શથી મનુ શરીરમા, કાન્તિ અલૌકિક આવતી;
"તવ ઉરની રસ અંજલિ, પીતા મનુ શાન્તિ મળે,
"તવ ઉર રસ મમ જીવન ભળતા, ભ્રાન્તિ ભવ સર્વે ટળે. ૧૨૮

"દુખ દેખતા મન ધડકતું, ઉર હિબકતું વળી બાપડુ,
"મમ આખ આંસુ ટપકતા, જીવન અકારૂં શું કરૂ ?
"તવ અંકમા લોટૂં હવે, લોટાવ મીઠી માવડી,
"ઓ માવડી ! ઓ માવડી ! કર ઝાલ હું" બોલી પડી ૧૨૯

સરિતા હૃદય રસ ઉર્મિઓ, મોઘી અહોનિશ ઉછળે,
જે ઉર્મિને કંઇ અડકતા કંઇ રવ મધુરો નીકળે,

---

[1] હાથ

એ કર્ણપ્રિય રવ મધુર કિન્તુ, જ્યાં સખી શ્રવણે પડે,
ત્યા હાય ! કહી પાછું વળી, જોતી અરે ! સરિતા તીરે. ૧૩૦

અનુ' ૬૫

નાખી દ્રષ્ટિ નિરાશાના, સાધનો સમીપે કરે,
બેડુ મૂકી ધસી તીરે, આખ ફાડી જુવે રડે ૧૩૧

“દોડો દોડો દયાળુ કો, સખી હું નદીમા પડી,
“નદી પૂરે તણાતી આ, બચાવો વીર આ ઘડી” ૧૩૨

શબ્દો શુણી ધસી આવ્યા, લોક બૌ સરિતા તટે,
દેશપ્રેમી ધરી ધીર, કૈં પડયા નદીમા ખરે. ૧૩૩

ઘણી શોધી ઘણી શોધી, તોય હાથ ચડી નહીં,
ઢીલા ગાત્રે વીલા મુખે, નીકળ્યા નદીથી સહી ૧૩૪

“ગઇ તે તો સદા માટે, શુ પુન: મળશે નહિ ?”
એ વિચારે સખી મૂર્છા, આવીને ધરણી ઢળી ૧૩૫

થયું શું આ ? થયું શું આ ? કારમુ સરિતા તીરે ?
જાણવા એ જતાં લોકો, આવતા અહિં આ ખરે. ૧૩૬

પડી એક નદી અંક, બીજી આ પૃથિવી પડી,
પાણી લાવી મુખે છાંટી, બચાવો ધીર ! આ ઘડી. ૧૩૭

દેશપ્રેમી ધસી આવી, હાથથી જલ છાંટતો,
વળી મૂર્છા ઉઠી બાળા, કૈંક શોક શમી જતો ૧૩૮

કોણ હાથે વળી મૂર્છા, જાણુવા ચહી સુન્દરી,
દ્રષ્ટિ ફેંકી જુવે છે ત્યા નાથને નિરખ્યા વદી ૧૩૯

મન્દાક્રાન્તા

"જે આશાથી જનક જનની વ્હાલ વ્હાલા ! તજ્યું'તું,
"જે આશાથી સરલ સખી સામીપ્ય વ્હાલા તજ્યુ'તું,
"જે આશાથી પતિ ચરણુમા શીર્ષ વ્હાલા ! ધર્યું'તું,
"તે આશા જ્યા ઉદધિ ઉર ત્યાં જીવવું રૂચવુ શુ ? ૧૪૦

"વ્હાલા સાથે જીવન વહવું દિવ્ય લ્હાણું જોંયાનું,
"વ્હાલા સાથે મધુર હસવુ સાર લ્હાણું જોંયાનું;
"વ્હાલા ! વ્હાલા ! વદી વિરમવું હાસ્ય લ્હાણું જોંયાનું,
"વ્હાલા સાથે મળી હું ભુલવુ પ્રેમ લ્હાણુ જોંયાનુ ૧૪૧

"એ લ્હાણુ લૈ નિજ જીવન સાફલ્ય ઉરે ચહ્યુ'તું,
"એ લ્હાણુ લૈ સકળ સ્ત્રિયને જ્ઞાન દેવા ચહ્યુ'તું;
"એ લ્હાણુ લૈ ગૃહિણી પદ ચારિત્ર્ય શોભાવવું'તું,
"એ લ્હાણું લૈ સ્ત્રિયપુરૂષનું ઐક્ય દર્શાવવુ'તું. ૧૪૨

અનુષ્ટુપ

"એહ આશા નિરાશાનુ, ઉગ્ર રૂપ ધરી ઉભી,
"ઉગ્ર રૂપે ઉભી જોતાં, હું સખી દુખિણી બની. ૧૪૩

"આર્ય ભૂમિ તણી બાળા, આર્ય ભૂષણ રૂપ છે,
"અરે રે ! એ ભુલી દુભી ડુબાડી દુખ કૂપ છે ૧૪૪

"આશા કેરી સુધા મીઠી, બાલ વૃદ્ધ, યુવા ગણી-
"પીવા વ્હાલા ! રહ્યા દોડી, પ્રાણી પ્રેમ પ્રમોદથી ૧૪૫

"આશસુધા તણી રાગી, હું સખી પિયુ સંગમા,
"સર્વ સ્નેહ તજી રહેવા, ચહ્યુ ઉર ઉમંગમા ૧૪૬

મન્દાક્રાન્તા

"સ્ત્રીની આશા અકથ ઉર એ કોણ જાણી શકે છે ?
"જે આદેશે સ્ત્રિય જીવન તે કોણ જોઈ શકે છે ?
"સ્ત્રીના ગુણે પરમ રસની પ્રાપ્તિ પુરૂષ પામે,
"શા અજ્ઞાને ધરમ પથ એ પુરૂષો નાથ ! વામે ? ૧૪૭

"માતાપિતા લગન સુતના પ્રેમ દાબી કરે છે,
"તોયે વિશ્વે યુગલ દુખથી રીબી રીબી મરે છે,
"સંસારી સૌ તનય તનયા મોહ જાળે ધરે છે,
"શોષી લીધા શરીર હીરને તોય ત્યા સચરે છે ૧૪૮

"શાસ્ત્રો કેરી સુખદ શિખને પાદ નીચે દબાવી,
"સુખી થાવા વિકળ રીતિ આ આર્યમા કયાથી આવી ?
"ના વિવેકી નર પશુ થકી લગ્નગ્રંથી રચાવી,
"ડાહી સ્ત્રીને સરિત જલમા ફેકી ડુબી મરાવી". ૧૪૯

અનુષ્ટુપ

ગૃહદેવી, ગૃહલક્ષ્મી, આસુડા નયને ભરી-
અકાળે જ્યા મરે છે ત્યા, શાતિ ના, મળવી જરી ૧૫૦

ધર્મતત્ત્વ વિના વિદ્યા, ભણે ભારત બાલકો,
પ્રતિષ્ઠા આર્યની ભૂલે, સત્ય માની પતિ વદ્યા ૧૫૧

"આર્ય ધર્મ ભૂલી આર્ય, રે અનાર્ય પ્રિયે! થયા,
"દેશ રિદ્ધિ સિદ્ધિ સર્વે, ગુમાવી લગને વૃથા ૧૫૨

શાર્દૂલ

"ભૂલી ધર્મ અરે! પ્રિયે! જન બધા, વિધર્મને સેવતા,
"સાચો ધર્મ વિધર્મ એ ગણી પ્રિયે! સદ્ધર્મ ઉવેખતા,
"સદ્ધર્મે ન કરે પ્રીતિ વિષયમા, પ્રીતિ કરે સર્વથા,
"તે પ્રીતિ સુખ શાન્તિ ના પ્રભવશે, સંસારમા સર્વદા ૧૫૩

"બુદ્ધિની વૃદ્ધિ થવા ગુરૂજનો, શાળા ઘણી સ્થાપતા,
"તે શાળે ધરી બાલુડા ગુરૂજનો આનન્દ દર્શાવતા,
"શાળામા શિશુ જે શિખે ગુરૂજનો, તે દિવ્ય વિચારતા,
"કિન્તુ દિવ્ય ગણ્યુ શિશુ હૃદયને, છે દિવ્ય? ના દેખતા ૧૫૪

"પ્રીતિ ધર્મ વધે શુદ્ધિ ઉર વધે, એ જ્ઞાનશાળા નહિ,
"હું ભૂલી સહુ જ્ઞાનમા હસવુ એ, ના જ્ઞાનશાળા મહી,

"મારૂં સર્વ પરાર્થમા અરપવા, હું જન્મ વિશ્વે થયો,
'શાળા એ શિખવે ન જ્યા પ્રિયતમે ! ત્યા જ્ઞાન ના દિવ્ય, હો. ૧૫૫

"જે પ્રેમે રસના ઝરા ઉર વહે, તે પ્રેમ જેથી મળે,
"તે જાણ્યા વિણુ મોહના કર ઝુલે, રે પ્રેમ માની ઝુલે,
"ઝુલે મોહઝુલે પ્રજા નિરખતા, માતા પિતા જ્યા હસે,
"ત્યા આશા સુખની ફળે ! હૃદય એ, વ્હાલી કદિ સેવશે ? ૧૫૬

"જે રક્ષ્યે તનુ કાન્તિ છે રવિ સમી, ના રક્ષ્યું એ ભાવથી,
"જે સેવ્યે મન શાન્તિ છે શશિ સમી, ના સેવ્યુ એ સ્નેહથી,
"જે શિખ્યે જીવવુ ખરૂ જીવન એ, ના શિખતા વ્હાલથી,
"ત્યા આ આર્યભૂમિ તણું થવુ શુ એ, જાવુ ન વ્હાલી કથી. ૧૫૭

અનુષ્ટુપ

"અવિદ્યામા ફસાવાથી, સત્ય ધર્મ ભુલી ગયા,
"ધર્મ ભુલ્યે રહ્યુ શુ એ ! જાણવા નવ કો રહ્યા. ૧૫૮

"સેવ્ય સ્વર્ગ તણી સીઢિ, પ્રીતિ લગ્ન પ્રિયે ! હતી,
"તેજ સીઢિ ખસેડી ત્યા, મોહ લગ્ન સીઢિ ધરી. ૧૫૯

"મોહ લગ્ને દુઃખી કિન્તુ, મોહ લગ્ન તજે નહિ,
'બાલુડાને ધરી તેમા, મોદતા મનથી સહી. ૧૬૦
"સત્ય શું તે ગયા ભુલી, ગણ્યુ સત્ય અસત્ય જે,
"વાવે તેવું લણે તોયે, સત્ય પન્થ ન કો ચડે ૧૬૧

"यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते।
"ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुव नष्टमेवच॥ १६१

"થયું વ્હાલિ ! ભુલી બેડું, લે ગૃહે જ સિધાવ તું,
"જવા વિના મળ્યા લોકો, ના, જશે ઉર માન તું. ૧૬૨

કાન્ત આજ્ઞા થતા ઉઠી, સખી બેડું તપાસતી,
બેડું ઊંચું કરે છે ત્યાં, પત્રિકા નજરે થતી. ૧૬૩

ગ્રહી પત્ર કર્યો પહોળો, વાચવા વૃત્તિ ઉછળી,
સ્વામી પાસે ધસી વેગે, વાચતા નીતિ વિસરી. ૧૬૪

છેલ્લો પત્ર.

દોહરા

"પ્રિયતમ પ્રાણાધાર છો, હું દાસી અતિ રંક,
"પત્ર પુષ્પ ના રસ ભર્યું, તદપિ ધરૂં પદ પંક ૧૬૫

અનુષ્ટુપ

"કે'વા જેવુ ઘણુ વ્હાલા ! પત્ર ના લખવુ ઘટે,
"કૈંક તોયે લખુંછું હુ, સ્થાન જો ઉરમા મળે ૧૬૬

"પ્રાણ પોષે જગે જેહ, પ્રાણ નાશ કરેજ તે,
"સૂત્ર સાચું ઠર્યુ આજે, દોષ ના, ગણજો સખે ! ૧૬૭

"જન્મ પામ્યું જગે જાતું, જાતું તે પુનઃ આવતું,
"વિશ્વ આખું રહ્યુ વ્હાલા ! એ ક્રમે સહુ માનતું ૧૬૮

"સ્નેહ છોડી જતાં તેનો, સ્નેહી શોક છતા કરે,
"સ્નેહી મને ગણી ના, ત્યા, શોક શો ઉર સંભવે? ૧૬૯

"આજે કાલે જવુ સૌને, કાળ ક્રૂર તણા મુખે,
"મળ્યા વિના જવું હું એ, ભૂલ ના, ગણજો સખે! ૧૭૦

"ભૂલો મારી ગણી તેમા, ભૂલ એક ઉમેરજો,
"કિન્તુ બીજે પુછી વ્હાલા ! દોષ ના મમ દાખજો ૧૭૧

ગઝલ

"અમો આશા સુખાશામા,
રહી સંસાર સચરતા,
"નિરાશા પાપિણી ફદે,
ફસી અતે જવુ વ્હાલા ! ૧૭૨

"ચહી સસાર રસ–વારિ,
સવેગે વિશ્વ વિચરતા,
"રહી રસ–વારિ વિણુ જાવુ,
છુટી સંસાર શુ વ્હાલા ! ૧૭૩

"ગૃહાંગણ દોડતી હરિણી,
ચહી પ્રીતિ હસી આવી,
"ન પાળી પ્રેમથી ભોકી,
છુરી કારી ગળે વ્હાલા ?

"જીવન સ્વાર્પણ કીધું જેણે,
હસી જેના મહી વ્હાલા !
"ન તેથી પ્રેમરસ મોઘો,
પીડા-વારિ મળે વ્હાલા ! ૧૭૫

"મીઠા મોઘા ઝરણ રસના,
સમીપે દોડતા વ્હાલા !
"ન જોવા નેહથી જોવા
ચડી રોષે અરે ! વ્હાલા ! ૧૭૬

"જનેતા અંકમાં સ્તુ,
શિશુ આનન્દતું ! રમતું !
"જનેતા વ્હાલ તજતા શી,
ગતિ શિશુ થવી વ્હાલા ! ૧૭૭

"પ્રપંચી સ્વાર્થ પિશાચે,
વહી પ્રીતિ હૃદય વ્હાલા !
"દીનોના દુઃખની તુલના,
થવી કો'દી જગે વ્હાલા ! ૧૭૮

"ગ્રહ્યું હાથે હસી તેને,
અરે ! તરછોડવુ વ્હાલા !
"રીતિ દુનિઆ તણી સાચી,
ગણી શુ પાળવી વ્હાલા ! ૧૭૯

હૃદય શલ્ય.

"ગણ્યા વ્હાલા ! નયન તારા,
ગણ્યા અંતર્ શશિ મારા,
"તદા હું ના ગણી ન્યારા,
પછી જીવુ જગે શાને ? ૧૮૦

"પુરા પ્રેમી ગણી પ્રેમી,
શ્રવા આશા ધરી ઉભી,
"છતા છુંદી બની વ્હેમી,
પછી જીવું જગે શાને ? ૧૮૧

'તમારા સુખથી સુખી,
દુઃખે થાતી ઘણી દુખી,
"છતા ક્રૂરતા ધરી દુભી,
પછી જીવુ જગે શાને ? ૧૮૨

"પ્રણય અર્પ્યો પ્રણય લેવા,
હૃદય લઇને હૃદય દેવા,
"હતી આશા દહી પે'લા,
પછી જીવુ જગે શાને ? ૧૮૩

"મહા મોઘી પ્રીતિ પ્યાલી,
"પીવો" કહી મેં ધરી સામી,
"પીધી પ્રેમે ન પણ ઢોળી,
પછી જીવુ જગે શાને ? ૧૮૪

"શિયળ ભૂષણ નારીનું,
અમોલું મેં ગણી ધાર્યું,
"છતા આપે ગણ્યુ ન્યારૂં,
પછી જીવું જગે શાને ૧૮૫

"લહું ના આપમા ખામી,
લહું મમ વિશ્વ છે સ્વામી,
'સતાવી છે ગણી કામી,
પછી જીવુ જગે શાને ? ૧૮૬

"તુટયે આયુષ જાવાનું,
લખ્યું લલાટ થાવાનું,
"હસી આ જીંદગી પાડું,
પછી વ્હાલા ! ન હું શાને ?" ૧૮૭

અનુષ્ટુપ

પત્ર વાચ્યે છુપા આસુ, આખથી ટપકયા ઘણા,
લુછી વસ્ત્રે જુવે ઊંચુ, ત્યા **સખીપતિને** દીઠા. ૧૮૮

સખીસ્વામી પ્રતિ દોડી, પત્રિકા કરમા મુકી,
"ભુલી જાજો ગઇ તેને, સુખી થાવ હવે" વદી ૧૮૯

પત્ર લીધો અનિચ્છાએ, વાચતા ઉરમા બળે,
ધૂર્ત વિદ્યા ગણી કિન્તુ, હુ ભુલ્યો ? મન, ના, મળે ૧૯૦

જ્ઞાનદ્રષ્ટિ મળ્યા વિના, જ્ઞાનદ્રષ્ટિ મળી લહે,
મિથ્યા જ્ઞાની અરે ! આવા, આ બ્રહ્માડ ઘણા રહે ૧૯૧

પૃથ્વી માથે મુકી પત્ર, પાદ લાત કરી હસ્યો,
અરેરે ! એ હજુ ક્રૂર, ના મટ્યો નદીથી ખસ્યો. ૧૯૨

મળ્યા લોકો ખસ્યા ત્યાથી, પતિ પત્ની ખસ્યા વળી,
પતિ સામી કરી દ્રષ્ટિ, સુન્દરી વદતી જતી ૧૯૩

શિખરિણી

"અરેરે ! સંસારી પ્રણય પ્રીતિ ક્યારે પરખશે,
"નિહાળી પ્રેમીને પ્રણયી બની ક્યારે હરખશે ?
"પ્રીતિ લેતા દેતા, હૃદય રસ ક્યારે પ્રભવશે ?
"અને મોઘું વ્હાલુ જગત રળી ક્યારે વિહરશે ? ૧૯૪

"થતાં પ્રેમી પ્રેમી હૃદય દ્વય ક્યારે ઉછળશે ?
"જતાં પ્રેમી પાસે અહમ્ વૃત્તિ ક્યારે શમવશે ?
"સુખી થૈ સંસારે અબળ જીવ ક્યારે સુખ લિયે ?
"પ્રિયા હિતે વાધી વિભુ વિભૂતિ ક્યારે ઉર લિયે ?" ૧૯૫

વસન્તતિલકા

આ દેહલગ્ન તણી ક્રૂર પ્રથા ટળોને,
ને આત્મલગ્ન રસ લ્હાણું સહુ મળોને,
આ વિશ્વ વૃક્ષ સુખ શાન્તિ ફળે ઝુલોને,
ને સ્વાદ એ ફળ તણો જગ આ રળોને ૧૯૬

સમાપ્ત